# શહેરના ઘ-૫ ખાણીપીણી બજાર ખાતે શેડનું અધધ દબાણ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ઘ-૫ ખાતે લારી ગલ્લા ધારકોને તંત્ર દ્વારા યોગ્ય જગ્યા આપીને ફુડકોર્ટ લાખો રુપીયાના ખર્ચે તૈયાર કરીને વેપારીઓને આપી છે. પરંતુ વેપારીઓ જાણે તંત્રના નિયમોને ઘોળીને પી માત્ર પહેલા ૧૦ જેટલી લારીથી શરુ થયેલું બજાર ૧૫૦થી વધુ લારી સુધી પહોંચી જતા તંત્ર દ્વારા દબાણ દુર કરીને એક સ્થળે વેચાણ થાય તેવી વ્યવસ્થા કરી આપવામાં આવી છે. તંત્ર દ્વારા લાખો રૂપીયાના ખર્ચે અંદાજીત ૧૦૦ જેટલી ફુડકોર્ટ તૈયાર કરવામાં આવી છે. પરંતુ તેમાંથી માત્ર ૮૨ જેટલી ફુડકોર્ટમાં વેપારીઓ વિવિધ ખાણીપીણીની ચીજવસ્તુઓનું વેચાણ કરીને વેપાર કરે છે. આ ખાણીપીણી બજાર જયાં હટાવાયું હતું ત્યા પાછું દબાણ થઈ ગયું છે તેમજ ફુડકોર્ટની આપવામાં આવેલ જગ્યા કરતા અનેક ગણી જગ્યામાં શેડ ઉભા કરીને જાણે પોતીકી જગ્યા હોય તેમ વેપારીઓ નાગરીકો સામે વર્તી રહ્યા છે. ત્યારે ફુડકોર્ટની આસપાસમાં એટલી હદે



ગયા હોય અને હમ નહી સુધરેગેની જેમ તંત્ર દ્વારા ફાળવવામાં આવેલ ફુડકોર્ટમાં અધધ શેડનું દબાણ કરીને અડીંગા નાંખીને બેઠા છે. આ શેડના દબાણને પગલે શહેરના નાગરીકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. જયારે સ્વચ્છતાના અભાવે અહીં ગંદકીના પણ ઢગ ખડકાયા છે. ત્યારે મનપાનું દબાણ તંત્ર ગમે તે ઘડીયે દબાણ દુર કરવા ત્રાટકે તેવી શકયતાઓ શેવાઈ રહી છે.

**શહેરના ઘ-૫ ફુડકોર્ટમાં તંત્ર દ્વારા આપવામાં આવેલ જગ્યા કરતા વધારે રોકાણને દબાણ જ કહેવાય તેમજ વેપારીઓએ ગેરકાયદેસર શેડ ઉભા કરીને દબાણ કર્યું હશે તો તેની સામે ચોક્કસ મનપાના દબાણ વિભાગ દ્વારા પગલા ભરવામાં આવશે તેમજ તેની સાથોસાથ ખાણીપીણી બજાર હોવાથી આરોગ્યપ્રદ ચીજવસ્તુઓનું વેચાણ થાય છે કે કેમ તેની પણ ચકાસણી કરવામાં આવશે. જયારે દરેક વેપારીઓ પાસે ફુડનું લાઈસન્સ છે કે નહી તેની પણ ચકાસણી કરવામાં આવશે જો તેમા સહેજ પણ કસર દેખાશે તો તેવા વેપારીઓ સામે આકરા પગલા ભરાશે.**

જી.બી.બારૈયા, ડે. મ્યુ.કમિશનર, મનપા ગાંધીનગર

ગાંધીનગર શહેરમાં ઘ-૫ આસપાસમાં વર્ષોથી ખાણીપીણી બજાર તરીકે ઉભરી આવ્યું છે. શહેરમાં દબાણકારોએ અડીંગા જમાવી દીધા છે તે હટાવવા દબાણ વિભાગ ગમે ત્યારે ત્રાટકે તેવી શકયતાઓ છે.



## દશેરાની 'વાહનપૂજા'

તહેવાર માણસના જીવનમાં નવા ઉમંગ અને ઉત્સાહનો સંચાર કરે છે, તહેવાર જીવની રોજબરોજની કંટાળાજનક તથા નિચોવી નાંખતી ઘટમાળમાં તાજગીનું તેલ પુરે છે. કૂદકે ને ભૂસકે વધતી જતી અસહ્ય મોંઘવારી અને સતત સ્પર્ધા કરાવતી આધુનિક જીવનશૈલી સામાન્ય માનવીને ક્યારેક એટલો માનસિક તણાવ ઉભો કરે છે કે માનવી તેના પોતાના અસ્તિત્વ સુદ્ધાંને મિટાવી દેવા તત્પર બની જાય છે. ક્ષણિક આવેગથી તહેવાર માનવીને અળગો કરી તેના મહામૂલા જીવનને ફરી ઉત્સાહથી સંચારિત કરે છે. જો કે તહેવારની સતત એક સરખી ઉજવણીની પદ્ધતિ ધીમે ધીમે 'રિવાજ'માં પરિવર્તિત થાય છે ત્યારે તે વિવેકવિહીન બને છે. વિજયાદશમીનો તહેવાર પાસે જે છે તેનો આનંદ વ્યક્ત કરવાનો તહેવાર છે. આથી જ આ તહેવારે 'વાહનપૂજા'નો રિવાજ પડી ગયો છે. હવે આ રિવાજ એટલો જડબેસલાક પડ્યો છે કે એક વાહન માલિકને પોતાનું એ વાહન જે હવે કશા કામનુ નથી તેની પણ પૂજા કર્યા વગર એને ચેન પડ્યુ નહી.

# દિવસ દરમિયાન વધતી ગરમી

### મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીએ પહોંચ્યું : આકરો તડકો વસાહતીઓને અકળાવી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૫

વરસાદે સત્તાવાર વિદાય લીધા બાદ મિશ્ર વાતાવરણનો અનુભવ થઈ રહ્યો છે. દિવસે ગરમી તો રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આજે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાતા વસાહતીઓએ તીવ્ર ગરમીનો અનુભવ કર્યો હતો.

નવરાત્રી દરમ્યાન વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક છવાઈ હતી. સત્તાવાર રીતે હવે વરસાદે વિદાય લઈ લીધી છે ત્યારે છેલ્લા કેટલાક દિવસથી મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. રાત્રે ક્યારેક વધુ ઠંડક અનુભવાય છે તો ક્યારેક દિવસ દરમ્યાન ગરમી વધુ પડે છે. આજે આખો દિવસ આકરો તડકો પડ્યો હતો. તડકો આકરો થતાં ગરમી વધુ પડી હતી. ચામડી દાઝી જવાય તેટલો આકરો તડકો અનુભવાતો હતો.

દિવસ દરમ્યાન ભેજનુ પ્રમાણ પણ ખુબ વધુ હોવાથી બફારો ખુબ થતો હતો. પરસેવે રેબઝેબ થઈ જવાતુ હતુ. બહાર નીકળવુ હોય તો માથે કંઈક ઓઢી લેવાની ફરજ પડતી હતી. જો કે સાંજ પડતાં જ ધીમે ધીમે વાતાવરણમાં ઠંડક પ્રસરવા લાગી હતી. ગરમીનું પ્રમાણ ઓછુ થવા લાગ્યુ હતુ. મોડી રાત્રે ઝાકળવર્ષા થઈ હતી. જેથી ઠંડક વધી હતી. દિવસે આકરી ગરમી અને રાત્રે ઠંડકનો અનુભવ થતાં ઋતુજન્ય બીમારીઓનું પ્રમાણ વધ્યુ છે. તાવ, શરદી, ઉધરસ અને ગળામાં ઈન્ફેકશનની સમસ્યાથી પીડાતા દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. તેમાંય બાળદર્દીઓ અને વડીલોને બેવડી ઋતુની અસર વધુ જોવા મળી રહી છે. આજે મહત્તમ તાપમાન ૩૫ ડિ.સે. પહોંચ્યુ હતુ તો લઘુત્તમ તાપમાન ૨૨.૫ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા અને સાંજે ૪૬ ટકા રહ્યુ હતુ.

## જિલ્લાની શાળાઓમાં ૨૮મીથી ૨૧ દિવસનું દિવાળી વેકેશન

ગાંધીનગર, તા. ૧૫

આ વર્ષે શાળાઓમાં દિવાળી વેકેશનનો તા. ૨૮મી ઓક્ટોબરથી પ્રારંભ થશે જે તા. ૧૭મી નવેમ્બરસુધી રહેશે. આ ૨૧ દિવસના દિવાળી વેકેશન બાદ તા. ૧૮મી નવેમ્બરથી શાળાઓનો રાબેતા મુજબ પ્રારંભ થશે. રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગના નાયબ શિક્ષણ નિયામક દ્વારા દિવાળી વેકેશન અંગે જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા શાસનાધિકારીઓને ઉદ્દેશીને લેખિત પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવી છે. આ પરિપત્રની સરકારી અધ્યાપન મંદિરો, ગ્રાન્ટેડ અધ્યાપન મંદિરો, બાલ અધ્યાપન મંદિરો, સ્વનિર્ભર પીટીસી કોલેજો તથા ઉપરોક્ત અધિકારીઓના તાબા હેઠળની શાળાઓને જાણ કરવા જણાવાયું છે.

# ભાવનગર જિલ્લાના નિરીક્ષક તરીકે અશ્વિનભાઈ બારોટ અને વિરેન્દ્રસિંહ વાઘેલાની નિમણુંક

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા એ ભાવનગર જિલ્લાના પ્રદેશ નિરિક્ષક તરીકે ગાંધીનગરના અશ્વિનભાઈ બારોટ અને વિરેન્દ્રસિંહ વાઘેલા (અજીતસિંહ વાસન)ની નિમણુંક કરી છે.



ગાંધીનગર શહેર-જિલ્લા કોંગેસ સમિતિના કર્મઠ કાર્યકર અશ્વિનભાઈ બારોટ ગાંધીનગર પૂર્વ પ્રમુખ શહેર અને જિલ્લા યુવક કોંગ્રેસ, મહામંત્રી ગાંધીનગર જિલ્લા સમિતિ તેમજ અથ્યારે હાલ રાજીવ આવસ નિગમના ડાયરેકટર તરીકે સેવા આપે છે. તેની સાથો સાથ મહેસાણા અને બનાસકાંઠા જિલ્લામાં પણ નિરીક્ષક તરીકે સેવા આપેલ છે. જયારે વિરેન્દ્રસિંહ વાઘેલા એ ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસના પૂર્વપ્રમુખ રહી ચુક્યા છે.તેમજ ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ઉપપ્રમુખ અને બાંધકામ સમિતિમાં પણ સેવાઓ આપી ચુકયા છે. જયારે ત્રીજી ટર્મ માટે ભાવનગર જિલ્લામાં કોગ્રેસ નિરીક્ષક તરીકે તેઓના નામની પસંદગી થતા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસમાં આનંદ પ્રસરી જવા પામ્યો છે.

## સેકટરોના આંતરીક માર્ગ રીપેર કરવા રાજધાની વસાહત સેવા મંડળની માંગ

ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોના આંતરીક માર્ગ છેલ્લા ઘણા વર્ષોથી બિસ્માર હાલતમાંછે. આ માર્ગનું નવીનીકરણ હાથ ધરવામાં આવ્યુંનથી. માર્ગના નવીનીકરણ યોગ્ય થયુ ના હોવાથી ચોમાસા દરમિયાન સેકટરોના આંતરીક માર્ગ પર પાણી ભરાઈ રહેતા સેકટરવાસીઓને હેરાનીનો સામનો કરવો પડે છે. ત્યારે સેકટરોના આંતરીક માર્ગનું નવીની કરણનું કામ સત્વરે હાથ ધરાય તેવી માંગ રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા કરવામાં આવી છે.

રાજધાની વસાહત સેવા મંડળ ગાંધીનગરના પ્રમુખ રજુજી ગોલ જણાવે છે કે ગાંધીનગર શહેરના સેકટરોના આંતરીક માર્ગ છેલ્લા ઘણા સમયથી ડામરના માર્ગ તૈયાર કરાયા નથી. ગત્ વર્ષે રજુઆત કરવા છતા માર્ગ તૈયાર કરાયો નથી. જયારે તંત્ર દ્વારા માર્ગ બનાવવા માટે પણ ગ્રાન્ટની ફાળવણી કરી દેવામાં આવી હતી અને રોડ બનાવવાનું નક્કી કરી દેવામાં આવ્યું હતું પરંતુ કોઈ કારણોસર બંધ રહેતા માર્ગ હજુ સુધી બની શકયા નથી. સેકટરોના નીચાણવાળા હોવાથી ચોમાસામાં પાણી ભરાઈ રહેતા વસાહતીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે ત્યારે માર્ગ નવીનીકરણ કરવામાં આવે ત્યારે માર્ગમાં પુરાણ કરીને યોગ્ય માર્ગ તૈયાર કરવામાં આવે સે-૧૭માં માર્ગની હાલત ખરાબ છે તો સેકટરના આંતરીક માર્ગ નવેસરથી થાય તેવી રજુઆત કરવામાં આવી છે.

## આજે ધી ગાંધીનગર નાગરીક બેંકની ૭મી શાખાનો શુભારંભ

ગાંધીનગર શહેર અને જિલ્લાવાસીઓની સેવામાં હરહંમેશ અગ્રેસર રહેતી ગાંધીનગર નાગરીક બેંકની ૭મી શાખા સરગાસણ ચાર રસ્તા, એટ્રીયા બિઝનેસ હબ ખાતે શુભારંભ કાર્યક્રમ યોજાશે. સાતમી શાખાનો શુભારંભ બેંકના ચેરમેન હિંમાશુ પટેલ, વાઈસ ચેરમેન નરેન્દ્ર શાહ અને મેનેજીંગ ડિરેકટર મનુભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ તેમજ ગ્રાહકોને મોટીસંખ્યામાં હાજર રહેવા બેંક પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. નાગરીક બેંકની આ પહેલથી આસપાસના ન્યું ગાંધીનગરના રહીશો તેમજ ગ્રામ્ય વિસ્તારના નાગરીકોને બેન્કીંગ સેવાનો લાભ સરળતાથી મળી રહેશે.

# ગાંધીનગરમાં આજે વિશ્વ એનેસ્થેસિયા દિવસની ઉજવણી

### ગાયત્રી મંદિર અને સેક્ટર-૨૧માં એનેસ્થેસિયા અંગેની જન જાગૃતિ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

વિશ્વ એનેસ્થેસિયા દિનની ઉજવણી અંતર્ગત આવતીકાલે તા. ૧૬મી ઓક્ટોબરના રોજ શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગાયત્રી મંદિર, સેક્ટર-૧ અને ગોપી મેડીકલ તથા પી મનુભાઈ મેડીકલ સ્ટોર સેક્ટર-૨૧ ખાતે શહેરના જાણીતા એનેસ્થેટીસ્ટ તબીબો જનજાગૃતિ વિષયક કાર્યક્રમો યોજશે.

વિશ્વ એનેસ્થેસિયા દિનની ઉજવણી અંગે માહિતી આપતા ઈન્ડિયન સોસાયટી ઓફ એનેસ્થેસિયા (નેશનલ હેડ ક્વાર્ટર)ની ગર્વનિંગ કાઉન્સિલના સભ્ય ડૉ. તરલીકા ડોક્ટરે માહિતી આપતા જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વમાં આવતીકાલે તા. ૧૬મી ઓકટોબર, ૨૦૧૬ના રોજ ૧૭૦માં વિશ્વ એનેસ્થેસિયા દિવસની ઉજવણી કરવામાં આવશે. તે અંતર્ગત અમદાવાદ ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યુ છે. ગાંધીનગરની જનતાને એનેસ્થેસિયા વિશે જાણકારી મળે અને શસ્ત્રક્રિયા દરમ્યાન એનેસ્થેટીસ્ટ તબીબની ભૂમિકા અંગે માહિતી મળે તે હેતુથી જનજાગૃતિના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત હૃદય બંધ પડી ગયુ હોય તો સામાન્ય નાગરિક તબીબી સારવાર મળે તે પહેલા દર્દીને બચાવવા શુ પગલા લઈ શકે તેની તાલીમ પણ આ કાર્યક્રમ દરમ્યાન અપાશે. બોલચાલની ભાષામાં શીશી સુંઘાડનાર ડૉક્ટર તરીકે ઓળખાતા એનેસ્થેટીસ્ટની ભૂમિકા આધુનિક તબીબી જગતમાં વધતી જાય છે. માત્ર શસ્ત્રક્રિયા દરમ્યાન જ નહી પરંતુ તે પહેલા અને તે પછીની સારવારમાં તેઓની ભૂમિકા વધી છે. ખાસ કરીને પેઈનલેસ ડીલીવરી, પેઈન મેનેજમેન્ટ, આઈસીયુ, એમઆરઆઈ દરમ્યાન અને માનસિક રોગોની સારવારમાં પણ એનેસ્થેટીસ્ટ તબીબોનું મહત્વ વધ્યું છે. શસ્ત્રક્રિયા દરમ્યાન દર્દીના રખેવાળનુ કામ કરતા એનેસ્થેટીસ્ટની ભૂમિકા અંગેની જાણકારી પણ કાર્યક્રમ દરમ્યાન આપવામાં આવશે. ગાયત્રી મંદિર ખાતે સવારે ૬.૩૦ થી ૮.૦૦ દરમ્યાન અને સેક્ટર-૨૧ ખાતે સાંજના સમયે આ કાર્યક્રમ યોજાશે.

વિશ્વ એનેસ્થેટીસ્ટ દિવસની ઉજવણી અંતર્ગત સમગ્ર સપ્તાહ દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓપીડી વિભાગમાં પણ જનજાગૃતિ વિષયક કાર્યક્રમ યોજાશે. ગાંધીનગરમાં યોજાનાર આ કાર્યક્રમમાં ડૉ. તરલીકા ડૉક્ટર, ડૉ. દીપશીખા ત્રિપાઠી, ડૉ. સોભના ગુપ્તા, ડૉ. હિતેશ બ્રહ્મભટ્ટ, ડૉ. ઉત્તમા સોલંકી, ડૉ. રાજેન્દ્ર સોમપુરા, ડૉ. શિતલ વગેરે જોડાશે. વધુ માહિતી માટે ડૉ. તરલીકા (૯૮૨૫૩ ૫૩૩૭૭), ડૉ. હિતેશ બ્રહ્મભટ્ટ (૯૦૯૯૯૫૪૧૫૪) તથા ડૉ. શોભના ગુપ્તા (૯૪૨૦૪ ૩૮૮૨૯)નો સંપર્ક કરી શકાશે.

# આજે સે.૩ બી ખાતે રજત જયંતિ મહોત્સવ અંગે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૫

નવરાત્રી મહોત્સવ સમિતિ સેક્ટર-૩ બી દ્વારા વર્ષ ૨૦૧૭ નવરાત્રી મહોત્સવના ૨૫માં વર્ષ નિમિતે તા.૧૬ ઓકટરોબરના રોજ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રી ચોક ખાતે રાત્રે ૯ કલાકે યોજાનાર બેઠકમાં મહોત્સવની ઉજવણી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવનાર છે. તેમજ તેની વ્યવસ્થા અંગે આયોજન ગોઠવવા માટે જરુરી સુચનો સ્થાનિક રહીશો પાસેથી મેળવી શકાય અને તેનો અમલ થઈ શકે તે બાબતે ચર્ચા કરાશે. જેથી સેક્ટર-૩ બીના રહીશો તેમજ મહિલા મંડળની બહેનો અને યુવાનોને આ બેઠકમાં હાજર રહેવા સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે.

## જાહેર વિજ્ઞપ્તિ

ગાંધીનગર શહેરમાં જાહેર માર્ગો ઉપર પશુઓ રખડતા હોઈ જાનહાની, અકસ્માત અને ગંદકીનો ઉપદ્રવ થતો હોવાથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પશુ પકડવાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે. પશુઓ રાખનારા ઈસમોને પોતાના પશુઓને જાહેર માર્ગો ઉપર કે ગાંધીનગર શહેર વિસ્તારમાં છુટા ન મુકવા તાકીદ કરવામાં આવે છે. આ સંદર્ભે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટાકલમ (ખ) અને (ગ) અન્વયે ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરોના નિયમન અંગેનું જાહેરનામું ગાંધીનગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા તા. ૨૨/૯/૯૨ના રોજ બહાર પાડેલ છે. (ઘ) ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામું REGISTERED No. L2/RNP/G/GNR-84 ગુરૂવાર તા. ૧૮/૯/૨૦૧૪ / ભદ્ર ૨૭, ૧૯૩૬ના રોજ બહાર પડેલ છે. હવે પછી ઢોર છુટા મુકવામાં આવશે તો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તે ઢોરને પકડીને ઢોર ડબામાં રાખવામાં આવશે, તેમજ તે ઢોર પર દિવસ મુજબ નીચે જણાવેલ દંડની રકમ વસુલાત કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેવા લાગતા વળગતાઓને જણાવવામાં આવે છે.

| અ. નં. | ઢોરની વિગત | દંડ રૂપિયામાં | એક દિવસની ખોરાકી ચાર્જ રૂપિયા | એક દિવસના વહીવટી ચાર્જ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | હાથી | ૫૦૦૦-૦૦ | ૨૦૦-૦૦ | ૫૦૦-૦૦ |
| ૨ | ઉંટ | ૧૫૦૦-૦૦ | ૨૦૦-૦૦ | ૫૦૦-૦૦ |
| ૩ | ગાય, ભેંસ, બળદ, આખલા | ૧૦૦૦-૦૦ | ૨૦૦-૦૦ | ૫૦૦-૦૦ |
| ૪ | ઘોડા | ૧૦૦૦-૦૦ | ૨૦૦-૦૦ | ૫૦૦-૦૦ |
| ૫ | ઘેટાં, બકરા | ૩૦૦-૦૦ | ૧૫૦-૦૦ | ૨૫૦-૦૦ |
| ૬ | ગધેડા | ૫૦૦-૦૦ | ૧૫૦-૦૦ | ૨૫૦-૦૦ |
| ૭ | પાડી-પાડા | ૫૦૦-૦૦ | ૧૫૦-૦૦ | ૨૫૦-૦૦ |
| ૮ | ધાવતા વાછરડા અને વાછરજી તથા પાડી-પાડો | ૫૦૦-૦૦ | ૧૫૦-૦૦ | ૨૫૦-૦૦ |
| ૯ | ડુક્કર (ભુંડ) | ૫૦૦-૦૦ | ૧૫૦-૦૦ | ૨૫૦-૦૦ |

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાંથી પકડાયેલ ઢોર દિન-૭માં પશુમાલિકોએ નિયત કાર્યવાહી કરી છોડાવી લેવાના રહેશે. દિન-૭ બાદ ન છોડાવેલ પશુઓને નધણિયાત ગણી ગાંધીનગર મહાનગરપાલિકા કોઈ પણ પાંજરાપોળ / ગૌશાળા ખાતે મોકલી આફશે જેની કોઈપણ જવાબદારી ગાંધીનગર મહાનગરપાલિકાની રહેશે નહીં જેની નોંધ પશુપાલકોને લેવા જણાવવામાં આવે છે.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૧૫-૧૦-૨૦૧૬**
માહિતી/૧૮૦૪/૧૬-૧૭

**કમિશનર**
**ગાંધીનગર મહાનગરપાલિકા**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર । ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ